સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૫૫૫

ભૂખ્યાં દીન-દુખ્યાં ગરીબોની ઉષા કેવી હોય?!
દગાબાજ-વિશ્વાસઘાતીમાં આશા કેવી હોય?!
પાસે જાસા, ફેંકે પાસા, સમજે દાસા બધાને -
ચા-રેંકડીવાળા-ટપોરીની ભાષા કેવી હોય?!

રાખી પડખે,
'ભાજપા કી બેટી'ને
નારાજ 'રાખી'!
(ભાજપાની 'મિકાઇ' દોસ્તી)

છે ભૂલક્કડ!
ભૂલી જશે બંધુ ય -
ચૂંટણી પછી..
(નેતા તરીકે અભિનય)
શ્રી પરેશ રાવલ

ચિંતન

ક્ષણં બાલો ભૂત્વા ક્ષણમપિ યુવા કામરસિકઃ ક્ષણં વિત્તૈર્હીનઃ ક્ષણમપિ ચ સંપૂર્ણ વિભવઃ ।
જરાજીર્ણૈર્ગર્નટ ઇવ વલી મંડિત તનુ નરઃ સંસારાન્તે વિશતિ યમધાની જવનિકામ્ ॥

થોડોક સમય બચપણમાં બાળક બનીને, તો કેટલાક સમય યૌવનમાં કામરસનો રસિક જુવાન બનીને, તો ક્યારેક દરિદ્રતામાં દરિદ્રી થઈને તો ક્યારેક વૈભવશાળી બાદશાહી જીવન જીવીને, ત્યાર પછી વૃદ્ધાવસ્થામાં દુબળાં-પાતળાં રોગીષ્ઠ શરીરવાળો અને શરીર કરચલીઓ વાળું લઇ માનવી નટની પેઠે પોતાને સંસારરૂપી નાટકના મંચ પર પોતાનું પાત્ર ભજવીને પછી યમરાજાની રાજધાની રૂપી પડદાની પાછળ જતો રહે છે અર્થાત્ જીવન નાટકનો અંત આવે છે - મૃત્યુ થાય છે.

જીવન એક નાટક છે, એમાં જુદા જુદા અંકમાં જુદાં જુદાં અભિનય અને જુદા જુદા વેશ ધારણ કરી નાટક ભજવવું પડે છે. પહેલાં નાનાં બાળક તરીકે, કિશોરાવસ્થામાં વિદ્યાર્થી તરીકે, યુવાનીમાં પુત્ર-પતિ-પિતા તરીકેના કર્તવ્યો સાથે જુદા જુદા વેશ-પાત્રો ભજવવા પડે છે અને એમા ક્યાંય દોષ ન રહે એવું 'આદર્શ' પાત્રનો અભિનય કરવો પડે છે. વૃદ્ધ તરીકેનો અભિનય કર્યા પછી નાટકનો અંત આવે છે અને યમરાજના આ નાટકમંચનો 'પરદો' પડી જાય છે.

સુવિચાર

- વિષાદમાંથી બહાર આવવા માટે અલિપ્તતા કેળવવી પડે, વમળમાંથી રહી તરતાં રહેવું પડે, મનનું સતત ઓડીટ કરતા રહેવું પડે, સમજણ નામની જણસને જાળવતા રહેવું પડે **- એસ. મહાવાર્ય**
- સુખ જેવું કંઇ નથી જગતમાં, જે કંઇ છે તે આજ છે, સુખ એ તો અમારા દુ:ખનો બદલાયેલો મિજાજ છે **- ઉમાશંકર જોષી**
- જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધી જશો તો આગળ પણ જરૂર દેખાશે **- સ્પેનીશ કહેવત**
- ધૂળ જેવી છે આપણી જીંદગી, આંસુડા રેડીએમાં કિસ્સડ ન કર **- નૂર પોરબંદરી**
- કેટલાક લોકોનું દિલ દરિયા જેવડું વિશાળ હોય છે. જેમાં એક ચકલુંયે પ્યાસ બુઝાવી ન શકે **- નવનિત**
- સ્થિત પ્રજ્ઞતાનો સરળ અર્થ : વૃક્ષનું પાન ખરે છે ત્યારે વૃક્ષ વ્યાકુળ થયા વગર સ્વસ્થતાથી સ્વીકારે છે એ **- રાજચંદ્ર**
- શબ્દો બાળક જેવા છે તેને ગમે તેમ દોડવા ન દો... સતત સાવચેત રહો **- કુમારપાળ દેસાઇ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર મૂળ આયોજકનો હેતુ-ઇરાદો તો શુદ્ધ અને પવિત્ર હોય પણ આયોજનના અમલમાં ક્યાસ હોય અને વ્યવસ્થાપકો-સ્વયંસેવકો જો પોતાની જવાબદારી સારી રીતે અદા ન કરે તો પણ આયોજન નિષ્ફળ થાય કે વગોવાઇ જાય...

ભોપાલના નવાબ કલાપ્રેમી હતા અને કદરદાન તો ખરા જ. નવાબે એકવાર ભોપાલમાં સાત દિવસના સંગીત સમારોહનું આયોજન કર્યું.

ભારતના ખૂણે ખૂણેથી ગાયકો-વાદકો અને નર્તકોને બોલાવ્યા. એ જમાનામાં કલાકારોની આર્થિક સ્થિતિ આજના કલાકારો જેવી ન હોય એ સ્વાભાવિક હતું. કાર્યક્રમના ત્રણ દિવસ પુરા થયા. આજે ચોથો દિવસ હતો; પણ કોણ જાણે જે કલાકારોના કાર્યક્રમ પુરા થઇ ગયા હતા તેમને વેતન-પુરસ્કાર ચૂકવાયા ન હતા તેથી એ લોકો ફરજિયાત રોકાયા હતા અને રહેવા-ખાવા-પીવાનું ખર્ચ થતું હતું. અંદરોઅંદર ચર્ચા થતી હતી.

આજે એક નૃત્યકાર 'રાવણ-રામ' યુદ્ધ વિષય પર નૃત્ય કરતા હતા પણ વચ્ચે નવાબ પાસે 'યાચના'ની મુદ્રા કરી ફરી વિષય પર નૃત્ય કરતા હતા. નવાજ સમજુ હતા એને મુદ્દાની સમજ પડી ગઇ. નાણામંત્રીને બોલાવી પુરસ્કાર બાબત પૂછા કરી ત્યારે ખબર પડી કોઇને પુરસ્કાર અપાયા જ નથી..

નવાબે, નૃત્ય કલાકારનો ધ્યાન દોરવા માટે આભાર માન્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

વડોદરાની પ્રેમાનંદ સાહિત્ય સભાએ વિદ્વાનો અને સાહિત્યકારોની ઉપસ્થિતિમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. સુમન શાહને "પ્રેમાનંદ સુવર્ણચંદ્રક" અર્પણ કર્યો

સાહિત્ય સમાચાર સેતુ

● સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા. ડો. શ્રદ્ધાબેન સને ૨૦૧૩નો પુરસ્કાર એનાયત થયો. આ પુરસ્કાર પ્રદાન સમારંભ ગોવા યાજાયો હતો. બાળસાહિત્યને અનુલક્ષીને આપાતો આ એવોર્ડની શરૂઆત સને ૨૦૧૦થી થઇ છે અને તે કવિતા, વાર્તા, નવલકથા, નાટક, નિબંધ આમ સમગ્ર પ્રદાન માટે આપવામાંઆવે છે. ગુજરાતમાંથી ૨૦૧૦માં યશવંત મહેતાને, ૨૦૧૧ માં રમેશ પારખને (મરણોત્તર) અને ૨૦૧૨માં યોસેફ મેકવાનને આ પુરસ્કાર પ્રદાન થયેલ છે. આ એવોર્ડ માટે ભારતની જુદી જુદી ચોવીસ ભાષાના બાળસાહિત્યકારોના છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં પુસ્તકો કે બાળસાહિત્ય ક્ષેત્રે સમગ્રલક્ષી પ્રદાનને ધ્યાને લઇને બહુમતીથી કે સર્વસંમતિથી એવોર્ડ માટે ભલામણ કરે છે.

● શબ્દ સાધના અને કવિ સંગતના ઉપક્રમે વડોદરાનાં શ્રી રાજેશ બ્રહ્મભટ્ટ "રાજ"ના ગઝલ સંગ્રહ "વાત તારી નીકળી" નો લોકાર્પણ પૂ.માં ડો. હરેશ્વરી દેવીના વરદ્હસ્તે સંપન્ન થયો.

● વડોદરાની પ્રેમાનંદ સાહિત્ય સભાએ વિદ્વાનો અને સાહિત્યકારોની ઉપસ્થિતિમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડો. સુમન શાહને "પ્રેમાનંદ સુવર્ણચંદ્રક" અર્પણ કર્યો.

● સ્વ. શ્રી વલ્લભભાઇ ગડના કાવ્યસંગ્રહ "આવાગમન", સર્જક ડો. પિનાકીન પંડ્યાના કાવ્ય કાવ્યસંગ્રહ "અંચળો" અને સર્જક ઇશ્વરભાઇ શ્રીગોડના કાવ્યસંગ્રહ "ચાલુદાન"નું વિમોચન મોડાસા ખાતે થયું.

● ગુજરાતીમાં eBook પ્રકાશિત કરવામાં આવે છે, જેમાં અક્ષરો એકદમ સરળતાથી નાનામોટા કરી શકાય છે. દુનિયાના કોઇ પણ ખૂણે ઇન્સ્ટન્ટ ડિલિવરી થઇ શકે છે. પુસ્તકનું વજન ઉપાડવાની અને તેને સાચવવાની માથાકૂમાંથી મુક્તિ મળે છે. એક જ ડિવાઇસમાં અનેક પુસ્તકોનો સમાવેશ થઇ શકે છે. તેથી જગ્યાનો બચાવ થાય છે. ઘર, ઓફિસ, ગાર્ડન, ટ્રેન, બસ કે પ્લેનમાં - ક્યાંક પણ વાંચી શકાય છે. ગમતા સંવાદો, વાક્યો, કહેવતો, પંક્તિઓને હાઇલાઇટ કરી શકાય છે, અને આમ કાગળના બચાવથી પર્યાવરણને ફાયદો થાય છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ
સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

Google Play Store અથવા App Store પરથી Gujarati Books બૂક ડાઉનલોડ કરી, આપણી ગુજરાતી ભાષામાં પુસ્તકો વાંચવાનો આનંદ માણી શકાય છે.

● પાર્શ્વ પબ્લિકેશન તથા "શબ્દસર" પરિવારના સંયુક્ત ઉપક્રમે તા.૧-૪-૨૦૧૪ના રોજ સાંજના ૫.૦૦ થી ૭.૦૦ દરમિયાન હીરાલાલ ભગવતી ઓડિટોરિયમ, અમદાવાદ ખાતે કિશોરસિંહ સોલંકીના જીવન અને કવનનાં પોંખણાં કરતો "શબ્દાભિષેક સંધ્યા" કાર્યક્રમ યોજાશે. જેમાં "Kishorsinh Solanki : The Scent of Soil "(ભરત દેવમણિ દિગ્દર્શિત ફિલ્મ)નું લોકાર્પણ મા. શ્રી શંકરસિંહજી વાઘેલા કરશે. "કિશોરસિંહ સોલંકીનું વિશ્વસર્જન - ડો. હેમંત સુથાર"નું લોકાર્પણ મા. ધીરૂભાઇ પરીખ અને "શબ્દસર, ભાગ-૩" નુ લોકાર્પણ પદ્મશ્રી કુમારપાળ દેસાઇ તથા "શબ્દસર" (માર્ચ-એપ્રિલ, ૨૦૧૪ સંયુક્ત અંકનું લોકાર્પણ ડો. મણિલાલ હ. પટેલ કરશે.

● ગાંધીનગરની સંસ્કૃત સંસ્થા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તથા પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરના સક્રિય સહયોગથી, "ગઝલની યાત્રા" એ વિષય પર એક કાર્યક્રમ તા. ૨૧-૩-૨૦૧૪ ના રોજ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭ ગાંધીનગરના સેમિનાર હોલમાં યોજાઇ ગયો. જેમાં ભાગ્યેશ જહા (આઇ.એ.એસ.), હર્ષ બ્રહ્મભટ્ટ - જાણીતા ગઝલકાર અને મણીભાઇ ચૌધરી, પ્રમુખ - અખિલ આંજણા કેવળણી મંડળ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

"ગુજરાતી ગઝલની વિકાસયાત્રા" અન્વયે શ્રી રાજેશ વ્યાસ "મિસ્કિન" દ્વારા ગુજરાતી ગઝલની ઉત્પત્તિ અને તેના તબક્કાવાર થયેલ વિકાસ અંગેની ઝાંખી કરાવવામાં આવી. અને ગુજરાતી ગઝલકારોની ગઝલોનો આસ્વાદ પણ પીરસવામાં આવ્યો.

"ગઝલના અંતસ્તત્વ" બાબતે રાજેન્દ્ર શુક્લ દ્વારા કવિતા-ગઝળની સુગંધ-એસેન્સનો, તેમાં રહેલ અંદરના સારરૂપ તત્ત્વ અને અર્થ પ્રતિપાદકતાનો, ગઝલની રમણીયતાનો સંવેદનશીલ અનુભૂતિથી ઉદ્ભવતી સહાનુભૂતિ દાખલા-દલીલોથી અનુભવ કરાવ્યો.

ડો. રશીદ મીર, વડોદરા દ્વારા ગઝલનું સ્વરૂપ અને આકૃતિ બાબતે, ગઝલ એટલે આરબોની સંસ્કૃતિ, સભ્યતા, સમાજ, રસ-રૂચિ અને ચિંતન - વગેરે બાબતોનો ચિતાર રજૂ કરી, સૂફી વિચારસરણી અને વેદાન્તી વિચારસરણીના સમન્વય અને સમુળ તથા ગઝલમાં પ્રયોજાતા છંદ, શેરની સંખ્યા, પ્રાશ, કાફિયા, અનુપ્રાશ રદ્દીફ, કાઝિયા, મતલા, મક્તા વિગેરે બાબતે માહિતિપૂર્ણ વિગતોથી સર્વેનો આકર્ષ્યા. કિશોર જીકાદરા, રાજેશ વ્યાસ "મિસ્કીન", રશીદ મીર, હર્ષ બ્રહ્મભટ્ટ, રાજેન્દ્ર શુક્લ, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, શ્રીકૃષ્ણ દવે વિગેરે ગઝલકારોએ તેમની રસઝરતી ગઝલોનું રસપાન કરાવ્યું જેમાં ગાંધીનગર સાહિત્ય સભાના સાહિત્યકારો અને ભાવકો તથા મહાનુભાવોએ આ ગઝલયાત્રાના સેમીનારને તથા આયોજકોનાં આતિથ્યને મનભેર માણ્યાં.

કાવ્ય સેતુ

પિનાક પાલિને...

ગોદમાં તારી માથું મૂકી, ભૂલું માડીનો ખોળો
ટાઢક તો તું એની આપે, કહું શું, તું છે ભોળો,
શંભુ, ભલે તું રૂદ્ર કે'વાય, રૌદ્ર થતાં ન લાગે વાર,
ભક્તિથી તું કદિક રીઝે, ભૂલથી તું ખીજે પળવાર.
હા, તું નાચે નટરાજ થૈ,
ત્રિનેત્ર ખોલી તાંડવ કરે, ભૈ...
જો તું મે'રબાન થાય તો, મહેલો ખડા કરે મોટા,
તારે હાથે સંપત્તિ ઝરે, ના ડરીએ કામ ખોટાં,
અરે, એ મહેલો, ઊંચી હવેલીઓનાં અંબાર
ના જોઇએ, તારી ભભૂતમાં ભર્યા ભુવન-ભંડાર
કૃપા તારી હું માણું,
માનીશના મારૂં ત્રાગું...
વેર-ઝેરની મો ક્ષણ, અદેખાઇ - અર્ષા વાટે
તારે માર્ગે મંડ્યા ચાલવા, સાફ મન સૌના માટે;
નર્યું ગાંડપણ નહીં ક્યાં, ના બદલા-સાટે,
ભર્યું ભોળપણ ભારી, એ જ દીસે લલાટે
સર્પો ગળે, ઝેર તુ જ કને,
દું કરૂં હા, શુદ્ધ મને...
શત્રુતા એંધાણ નહીં, વિષ શસ્ત્ર અમને નાખે,
માત્ર મિત્રતા મુલાયમ, ઉડવા આપ પાંખે,
હની-મળી રહે સૌ જગે; મોજ-મસ્તીની શાખે,
સૌ હૈયે નેહ-સરવાણી, દામ ભલે ના રળે લાખે.
ત્રિશૂળ તું ઉગામતો રે'જે
અમને હૈયાધારણ દે જે...
ભૂખ્યાં રૈ અમે શાથી, ધન-ધાન્ય તારાં દીધાં...
કરજ કરવા શા કારણ, અખૂટ બસ તુજથી લીધાં,
'અન્નપૂર્ણા'થી લે દે અમને અમકાજ તેં ઝેર પીધાં,
નોતરી સર્વનાશ જે બેઠા, કીધા ડરાવી સૌને સીધાં...
ઘણું કીધું, થોડામાં તને.
આ સિર નમ્રતાએ નમે...

- કુન્દન દવે

સાંપ્રત રાજકારણમાં ગાંધી ટોપીની બદલતી પરિભાષા, રાજકારણીઓએ ગાંધીટોપીની ગરીમાને ખંડિત કરી

એક જમાનામાં ખાદીની ગાંધી ટોપી ધારણ કરનાર વ્યક્તિ શુદ્ધ પવિત્ર સંસ્કારી અને ઉત્તમ ચારિત્ર્યવાળા ગણાતા સમાજમાં ગાંધીટોપી પહેલવી એ આન બાન અને આનની નિશાની ગણાતી કાળક્રમે આજ ગાંધી ટોપીએ રાજકારણીઓને ફેશનનું સ્વરૂપ આપતા તેની ગરીમાને પોતના કરભૂતોના કારણે ખંડિત કરી એક સમય એવો આવ્ય કે ગાંધીટોપી પહેરનારાઓનો સામાન્ય પ્રજામાં અસ્વીકાર થવા લાગ્યો. ગાંધી ટોપી એટલે લુચ્ચા, ખંધા રાજકારણીની છાપ સામાન્ય જનતા ઉપર પડવા લાગતા હાલમાં જમાનામાં રાજકારણીઓએ ગાંધીટોપીને દેશ વટો આપી દીધો. ૧૯૯૦ થી ૨૦૧૦ સુધી ગાંધી ટોપીને રાજકારણમાંથી જાણે કે દેશ વટો આપી દીધો હતો.

પરંતુ આમ જનતાની આન, બાન અને શાન ને પુનભવિત કરવામાં સામાજીક ક્રાન્તિ લાવનાર અન્ના હજારેએ ફરી ચલણમાં પ્રસ્થાપિત કરી ગાંધી ટોપી પહેરવી એ જાણે કે ફેશન બની ગઇ. ગાંધી મૂલ્યો ગાંધી વિચારસરણી સાથે કોઇ જ લેવા દેવા ના હોય તેમજ દુર દુર સુધીનો કોઇ જ સંબંધ ના હોય તેવા લોકો સામાજિક ક્રાંતિના નામે ભ્રષ્ટાચાર મુક્ત ભારતના નિર્માણ માટે પોતાની ઉજળી છાપ રજુ કરવા માટે જીન્સ, શર્ટ ઉપર પણ ટોપી પહેરી પોતાના સ્વાર્થના રોટલા શેકવા લાગ્યા. ખાદીની જગ્યા કોર્ટને લીધી અને હવે આ તો ટોપીએ પણ ભગવા ધારણ કર્યો. સફેદની જગ્યાએ ભગવા કલરની ટોપી સ્થાન લીધું. ગાંધીજી ભુલાતા અને વ્યક્તિ વિશેષનું મહત્ત્વ દેખાવા લાગ્યું. ગાંધી ટોપી ઉપર પક્ષનો સ્લોગનો જાત જાતના સૂત્રોથી માંડી જાત જાતનાં સૂત્રોથી મીડિયામાં પક્ષની જાહેર ખબરનું એકમાત્ર માધ્યમ બની ગાંધી ટોપી સુતરની જગ્યાએ રેશમ ટોપીએ સ્થાન ક્યારે લઇ લીધું તે કહેવું મુશ્કેલ છે. ટોળાશાળી દેખાડવા અલગતા પણ દુખાડવા માટે સમાજમાં પોતે વ્યક્તિ વિશેષ છે. તેવી છાપ ઉભી કરવા ગાંધીટોપીનો સહાલો લેવા લાગ્યા. સત્યતા સમાનતા, ભાઇચારો, દેશબંધુત્વની ભાવના ઉજાગર કરતી ગાંધી ટોપી આજે પક્ષની વ્યક્તિ એકમાત્ર ઓળખ સાબિત કરતું ફેશનનું સાધન ગણવા લાગ્યું છે. તેવા સમયે ગાંધીજીના મૂલ્યને ઘોર નિકદંન કાઢતા આવા ખંધા રાજકારણીઓએ ગાંધી ટોપીની પવિત્રતા સાદગીને લાંચન લગાડ્યું છે સામાજિક ક્રાન્તિનો જે જવાબ ૧૯૪૮માં ગાંધી ટોપી પહેરી ગાંધીજીએ ઊભો કરેલો તે માત્ર દંત કથામાં ફેરવાઇ ગયો છે. જીન્સ, ટી-શર્ટ ધારી યુવા વર્ગમાં ફેશનથી વિશેષ કોઇ જ મહત્ત્વ ગાંધી ટોપીનું રહ્યું નથી.

રાજકારણીઓએ ટોપી પહેલવા કરતા પહેરાવવામાં જ રચ્યા પચ્યા છે ગાંધી ટોપી હાલમાં માત્ર ૧૫ મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ ધ્વજવંદન સમયે સ્વાતંત્ર્ય સેનાનીઓના માથા ઉપરજ જોવા મળે છે. રાજકારણીઓએ પોતાના સ્વાર્થમાં ગાંધીટોપીનું અવમૂલ્ય કરી ગાંદીજીના વિચારો આદર્શનો છડેચોક લીરા ઉડાડ્યા છે. ભાઇચારો, સદાચાર, દેશબંધુત્વ એકતા અને અખંડતાનું પ્રતિક એવી ગાંધી ટોપી સાંપ્રત સમયમાં ફેશનની તથા વ્યકતિ વિશેષની પક્ષના સિમ્બોલની એકમાત્ર નિશાની બનીને રહેવા પામે છે. આવા સંજોગોમાં ગાંધી મૂલ્યોની, નિષ્ઠાની, સમાજ કલ્યાણની, ચારિત્ર્યની છાપ પુનઃ ઉભી કરવા માટે ફરીથી કમરકસવી પડશે. યુવાનોએ ગાંધી ટોપીને માત્ર ફેશન સાથે ના આંક ગાંધી મૂલ્યોથી અવગત થવું પડશે. તો જ નવ ભારતના સ્વપ્નને સાકાર કરી શકાશે. ગાંધીટોપીના અવમૂલ્યને એકમાત્ર યુવાનો જ પોતાના આચારવિચાર અને શુદ્ધ ચારિત્ર્યથી બચાવી શકશે.

વિચારમંચ
અશ્વિન વી. ત્રિવેદી

આ યુગમાં કોઇ સાત માળની હવેલી કે ગગનચૂંબી ઈમારત રચી આપે એના કરતાં એક વ્યક્તિનું ઘડતર કરી આપે એ મોટી ઘટના છે

આ અહમની ભેખડો તૂટી પડશે
ચાલ, થોડુ સાધીએ સંવાદ જેવુ
સ્પષ્ટતાઓ એટલી હોવી ઘટે છે
થાય ના શંકા અને વિખવાદ જેવું
-દિનેશ ડોંગરે 'નાદાન'

બાળ ઉછેર અને બાળ-ઘડતરનો પડકાર સૌ કોઈને મૂંઝવે છે...મા-બાપ ઈચ્છે છે કે પોતાનું બાળક પોતાની અસલ પ્રતિકૃતિ (ઝેરોક્ષ) બને શ્રેષ્ઠ બને... આ મહેચ્છા સારી છે પરંતુ એ દિશામાં નક્કર પગલા માંડીએ છીએ ખરા... માત્ર બાળકની ભૌતિક જરૂરિયાત પૂરી પાડી દઈએ એટલે નચિંત... ના...ના.... મા બાપ તરીકે પોતાનું કર્તવ્ય ભૂમિકા નિભાવવામાં ખરા તરીએ તો જ અર્થ સરે... મા-બાપ બાળક માટે એક શિક્ષક જ છે. ઘર એ તો શાલેય શિક્ષણ પૂર્વેની શાળા છે. બાળક શાળામાંથી મેળવતા ઔપચારિક કરતાં મોટાભાગનો સમય અનૌપચારિક શિક્ષણમાં પસાર કરે છે જેમાંથી કેટલાક ખ્યાલોનો પિંડ બંધાય છે. સામાજિક વાતાવરણ અને પરિવાર પણ શિક્ષણના સ્રોત છે. કુટુંબ-સમાજ અવૈદ્ય શિક્ષણ આપતી જંગમ શાળા જ છે.

એક સમયે સંયુક્ત કુટુંબ પૂથા હતી ત્યારે બાળક પર મા-બાપ સિવાય દાદા-દાદી, કાકા-કાકી, ફોઈ, ભાઈ-બહેન - વગેરે સ્વજનોનો સવિશેષ પ્રભાવ તેના ઉપર પડતો હતો. પરિણામે બાળકમાં બહુમુખી વ્યક્તિત્વનું કલેવર ઘડાતું...આજે વિભક્ત કુટુંકમાં મા-બાપ સિવાયનાં અન્ય સ્વજનો દૂર હડસેલાઈ ગયાં પરિણામે સિમિત કોચલામાં પૂરાઈ રહેતું બાળક માત્ર ને માત્ર મા-બાપની પ્રતિકૃતિ બની રહે કાં તો ટી.વી. ચેનલોની ભરમારની અસરો તેના વ્યક્તિત્વમાં ભમે... આર્થિક ઉપાર્જન માટે સતત દોડધામ કરતાં મા-બાપના સંતાનો માનવીય સ્પર્શ પણ પામી શકતાં નથી. થાકેલાં... કંટાળેલાં.... એકાકી બની જીવનભાર વેંઢરતાં પરિવારો હળવાશનો ઓક્સિજન મેળવવા ટી.વી. ઓન કરી બેસતા હોય છે... આવા સંજોગોમાં પોતાના બાળકના શ્રેષ્ઠ ઘડતર માટે તે શાળા તરફ મીટ માંડે છે. ... બાળકનો મોટાભાગનો સમય શાળા બહાર પસાર થતો હોય ત્યારે આવી અપેક્ષા ધૂળ ઉપરના લીંપણ જેવી છે. બીજી એક વાસ્તવિકતા એ પણ છે કે આપણો બાહ્ય મૂલ્યહીન વ્યવહાર અને શાળાની આદર્શ મૂલ્યલક્ષી વાતો વચ્ચે સ્પષ્ટપણે વિરોધાભાસ જોવા મળે છે. આદર્શો અને વાસ્તવમાં આભ-જમીનનું છેટું જોઈ શિક્ષણમાંથી શ્રદ્ધા અને વિશ્વાસ ગુમાવી બેસે છે.

ખેર, આવી વાસ્તવિકતા વચ્ચે બાળકના આદર્શ ઘડતર માટે કંઈક વિચારીએ કંઈક કરીએ... મા-બાપ બાળકમાં સુસંસ્કારના બીજારોપણ માટે ટી.વી.ના વિકલ્પે બાળસાહિત્ય, ધર્મનાં સંસ્કારો સાથે જોડી ને વાંચન પૂત્યે દોરાય એવું કંઈક કરવું જોઈએ. ભૌતિકશાસ્ત્રનો પેલો નિયમ છે.... સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ થાય એવું જ સમાન સ્વભાવ કે દોષવાળા વચ્ચે થતાં નાનાં મોટાં ઘર્ષણોની સમાજમાં કે પરિવારમાં વિપરીત અસર ન પડે તે માટે મા-બાપે નૈતિક જવાબદારી સ્વીકારી આદર્શ પિંડ બાંધવા સભાન પ્રયાસ આદરવો રહ્યો. પિતા ધંધા-રોજગાર અર્થે વધુ સમય ઘર બહાર રહેવા ને લીધે તેમનો પૂભાવ બાળકો પર ઓછો રહેતો હોય છે પરંતુ માતાનો પ્રભાવ સવિશેષ જોવા મળે છે. ત્યારે પિતાનો વ્યવહાર માતા સાથે સન્માન જનક હશે તો જ સંતાનો મા-બાપ કે વડીલોને સન્માન આપશે. આનો ખ્યાલ રાખવો. બાળક શાળાએ જાય ત્યારે તેની દેખરેખ રાખવી તેમજ ખુલ્લા મને બોજવગર શીખી શકે એવા સંજોગો પેદા કરો.

આજકાલ તો દેખાદેખીથી દોરવાઈને નાહક ઉતાવળ કરી બાળકને વહેલું શાળાએ મૂકવાની હરિફાઈ જન્મી છે જે ખતરનાક પૂરવાર થશે. પ્લે-ગ્રુપ, નર્સરી, જુ.કે.જી, સિ.કે.જી જેવાં રૂપકડાં લેબલો તો પૈસા કમાવવાની આદર્શ તરકીબો છે!! આવી કેદમાં પૂરાયેલું બાળપણ કુદરતી નિખાર પામતું નથી બલ્કે મુંરઝાઈજાય છે. આજની માતાઓ શિક્ષિત છે જ તે પોતાના સંતાનને આદર્શ વાતાવરણ આપી ઉછેરી શકે એમ છે. ત્યારે મા-બાપોને સમયાંતરે બાળઉછેરની તાલીમ ને માર્ગદર્શન પૂરુ પડાય.... જેથી શાળા સાથેના વ્યવહારોની સમજ, માતા-પિતાના વ્યક્તિત્વ અને રોજિંદા વ્યવહારોનું જ્ઞાન - ચર્ચા કરી સૌ સાથે મળી બાળકને કેળવીએ તો સુસંસ્કારી-શિક્ષિત નાગરિક ઘડતરનું નિર્માણ અવશ્ય કરી શકીશું...

વિશ્વના મહાન ચરિત્રોનું ઘડતર તેમની માતાની ગોદમાં જ થયેલું છે. એમણે પ્રારંભિક શિક્ષણ પણ પોતાની માતૃભાષામાં જ મેળવીને જગવિખ્યાત બન્યા છે. આજે અંગ્રેજીની ઘેલછાના ખોટા હઠાગ્રહો છોડી પાયાના ખ્યાલો સંદર્ભે સૌએ વિચારવાની તાતી જરૂર છે. માતા-પિતાએ પણ કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે જેવી કે - સંતાન ઉપર નિયંત્રણ રાખવું, જરૂર જણાય ત્યાં સલાહ-સૂચન કે સારા નરસાનો ભેદ પ્રેમથી સમજાવવો, પુખ્ત સંતાનો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરીએ, ખાસ તો દરેક બાબતોમાં બાળકની અન્યની સાથે સરખામણી તો ન જ કરવી. બાળકને ખીલવા દો..... એના સહાયક બની રહો.. તેની દિનચર્યાનું નિરીક્ષણ કરો-ત્રુટીઓ જણાય તો સાવધાની રાખી દૂર કરો. બાળકની આંખમાં આંખ પરોવી તેને હેતાળસ્પર્શ આપો. બાળક પૂમનું ભૂખ્યુ હોય છે. તેની સ્નેહ ભૂખને પૂરેપૂરી સંતોષો.... જેથી સર્વ પ્રત્યે પ્રેમ જાગે તેવો વાણી-વ્યવહાર કરે તેમજ કૃતજ્ઞતાને સમજે... મા-બાપના અનિચ્છિત વ્યવહાર-વર્તનથી જ બાળક દૂર જાય છે. દોસ્તો... બાળક એ ઈશ્વરી અંશ છે. પ્રભુ પ્રત્યે તેને ઊંડુ માન હોય છે. દરરોજ મા-બાપને વંદન કરીને જ દિનચર્યામાં ગોઠવાય તેવું સંસ્કારી વાતાવરણ સર્જી તો જુઓ... બાળક એ વીરયોદ્ધો છે તેના ઉત્તમ ઘડતર માટે સૌપ્રથમ તો સાચેસાચ્યાં મા-બાપ બનીએ..... પોતે કેળવાઈએ ને બાળપુષ્પને કેળવીએ... જીવતરની તાલીમમાં આપણે પણ સહભાગી બનીએ... આપણી હયાતી બાદ પણ આપણને ગૌરવભેર યાદ કરે એવો રાજમાર્ગ કંડારીએ...!!!

સ્પર્શમણિ :

આજે વિશ્વ જે રીતે વિકસી રહ્યુ છે તે જોતાં વિદ્યા વિનાનો નર પશું જ રહેવાનો. સંસ્કાર ઘડતર અને વ્યક્તિ ઘડતરના સ્તંભો પર જ સંસ્કૃતિની અગાશીઓ ઝળહળવાની છે. તેથી આ યુગમાં કોઈ સાત માળની હવેલી કે ગગનચૂંબી ઈમારત રચી આપે એના કરતાં એક વ્યક્તિનું ઘડતર કરી આપે એ મોટી ઘટના છે. સજ્જનને સંસ્કારવાનો આનંદ અનેરો હોય છે.

- કાકા કાલેલકર

લાગણીનો મેળો
- રસિક વાળંદ 'નિર્ઝર'

'સત્સંગ' જ માનવને જ્ઞાની, ચારિત્ર્યશીલ, ગુણવાન અને સદ્ચિંતન પ્રેરક બનાવી ઉર્ધ્વગામી બનાવે છે

શાંત, પ્રસન્નચિત્ત વ્યક્તિઓનો કારમે તે ગ્રામ્ય પ્રદેશ કે નગરો સંસ્કારિતાની ઊંડી છાપ ઉપસાવી સૌને વિચારવંત કરી આકર્ષે છે. નગરના સુંદર આવાસો, ભવ્ય બિલ્ડીંગો, સ્મારકો અને વિશાળ રસ્તાની આકર્ષણ અવશ્ય જન્મે પરંતુ આ નગરોમાં વસતા માનવો-યુવાનો, યુવતીઓ વૃદ્ધો-વૃદ્ધાઓ અને ભૂલકાની સંસ્કારિકા જીવનને ઋજુ ઉન્ન બનાવે છે, તેમનાં આંતર-બાહ્ય વ્યવહાર - વર્તન આપણા સૌના મનમાં ચિત્તાકર્ષકતા જન્માવી દીર્ઘકાલીન છબી ઉપસાવે છે.

આજે માનવ તન અને ધનથી વિશેષ સમૃદ્ધ બનતો જાય છે. પરંતુ આર્થિક સંપન્નતાની સાથે સાથે અવૈચારિક વિલાસિતા, અવિનય, અવિવેક તેને સદૈવ સુટેવોથી દૂર ધકેલી તેના વ્યક્તિત્વને ખોરવી નાંખે છે. આવા માનવો સમૃદ્ધિની ટોચ પર હોય કે ન હોય પરંતુ સ્વચ્છંદી મિત્રોની સોબત, આજના સેક્સી ચિત્રપટો કે ટી.વી. સિરીયલોની ઘેરી અસરોમાં લપેટાઈ બાહ્ય આનંદ અને શાંતિ પ્રાપ્ત કરવા નિરર્થક ધમપછાડા કરે છે. આવા માનવોને અને હરકોઈને સત્સંગની વ્યાખ્યા તેમના મતે સંકુચિત નથી જ. રવીન્દ્રનાથ ટાગોર જેવી વ્યક્તિઓએ પ્રકૃતિના સંગે ઉત્તમોત્તમ વિચારો હાંસલ કર્યા. કેટલાક મહાનુભાવોએ વેદ, વેદાંત, ઉપનિષદ અને અન્ય અધ્યાત્મગ્રંથોના સત્સંગથી પોતાના વિચાર અને ચિંતનની ઉત્તમ કેડી કંડારી. અવળા માર્ગે ફંટાઈ ગયેલા કેટલાક યુવક યુવતીઓને સંતો અને સજ્જનોના સંગથી નવું ચેતનવંતુ ધબકતું જીવન પ્રાપ્ત થયું. માટે જ ઉત્તરરામચરિત્રમાં ભવભૂતિએ કહ્યું છે 'સત્સંઙ્ગતિ કથં અપિ પુણ્યેન ભવતિ।' પરં